





પોકળ વિકાસની વાતો હોય છે ચૂંટણી લક્ષી!
વેંચાય વચન પ્રચારે, હોય છે ચૂંટણી લક્ષી!
ચૂંટણીલક્ષી છે સંબંધો અને સંગઠ્ઠન -
બજેટ અને બાંધકામો હોય છે ચૂંટણી લક્ષી!




લૂખ્ખા દિલાસા,
નકશાની નહેરે -
ફરે છે પાણી..
(નર્મદા, ડેમ-તળાળો ભરી દેસું!)

થીજી ગ્યો દંડો!
વિશ્વ જમાદારનો -
બર્ફ તોફાને..
(અમેરિકા પર આપત્તિ)

## ચિંતન

**દ્વાવિભો પુરૂષૌ લોકે પર પ્રત્યકાર કૌ ।**
**સ્ત્રિયઃ કામિતકામિન્યો લોકઃ પૂજિતપૂજકઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકારણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

આ જગતમાં બે પ્રકારના એવાં લોકો હોય છે જે હંમેશાં બીજાને ભરોસે-બીજાની વિચારશ્રેણી મુજબ જ આચરણ કરે છે અર્થાત પોતાનો સ્વતંત્ર વિચાર-નિશ્ચય કરી શકતાં જ નથી. બીજાને જે પૂછે, અનુસરે અને નિર્ણય લેતાં હોય છે. એવાં નો એક પ્રકાર - બીજાઓએ પસંદ કરેલી વસ્તુઓને જ ઉત્તમ સમજી સ્વીકારે છે એવી સ્ત્રીઓ - દા.ત. બીજી સ્ત્રીએ પહેરેલાં આભૂષણ-કપડાં-ઘર-પતિ બધું બીજાનું જ સારૂં લાગે છે, કોઇની પસંદ કરેલી વસ્તુ જ ઉત્તમ લાગે.

- બીજાં એવાં લોકો હોય છે જે ધર્મ-સંપ્રદાયમાં પણ પોતાના માન્ય-ઇષ્ટ-કુળદેવ-કુળદેવી કે વંશપરંપરાગત સાધ દેવોનો ત્યાગ કરી ગાડરિયા પ્રવાહ પ્રમાણે-પ્રચાર અને પરચાથી પ્રેરાઇ રોજ નવા-નવા ઇષ્ટદેવો-દેવી-દેવતાઓ-સંતો-સંપ્રદાયો-ધર્મ બદલ્યા કરે એવા લોકો પણ બીજાને ભરોસે - બીજાના અભિપ્રાયને જ સાચો અને શ્રેષ્ઠ માની બીજાને પૂજેલાં ને પૂજે છે.'

**વ્યક્તિની વિચારશક્તિ-નિર્ણયશક્તિ કે આત્મબળ મક્કમ હોવાં જોઇએ. કોઇનાં કહેવાથી નિર્ણયો** બદલતા ન રહે, આજે બદલતી ફેશનમાં વ્યાપારિક પ્રચાર આવ્યો છે. ધર્મ-સંપ્રદાયમાં પણ વ્યાપારિક ધોરણે-કથા-પ્રવચન-કેસેટો અને ભક્તોની ફસામણી માટે 'ખેંચાખેચ' ચાલે છે - અંતરાત્માના અવાજને સાંભળો..!!

## સુવિચાર

- કામ કરનાર વ્યક્તિને દારિદ્રયનો ભય રહેતો નથી. મૌન ધારણ કરનારને કદી કજિયાનો ભય રહેતો નથી, અને જાગૃત વ્યક્તિ સદાય નિર્ભય રહે છે - **ચાણક્ય**
- અહિંસાનો અર્થ છે ઇશ્વર પર સંપૂર્ણ ભરોસો - **ગાંધીજી**
- પુરૂષ જે સ્ત્રીને ચાહતો હોય તેને માટે ગમે તે કરવા તૈયાર હોય છે, માત્ર તેને કાયમ માટે ચાહવા તૈયાર હોતો નથી - **ઓસ્કાર વાઇલ્ડ**
- જે સમાજમાં પ્રેમ વગરના લગ્ન થતાં રહે છે ત્યાં લગ્ન વગરનો પ્રેમ પર પાંગરતો રહે છે - **બેન્જામીન ફ્રેંકલીન**
- જે પરણે છે તે તો મૂર્ખ છે જ પણ જે નથી પરણતો તે તેનાથી વધારે મોટો મૂર્ખ છે - **ચર્ચિલ**
- પ્રશંસા એકબીજાના સદ્‌ગુણો પ્રત્યેનું આપણું ઋણ છે - **થોમસ બ્રાઉન**
- જયારે અપરિચિત ભાષા ભાષીઓને મળવાનું હોય ત્યારે હૃદય-હૃદયથી વાત કરતાં હોય છે - **વિલિયમ મૅથર**

## બોધ કથા

રમત-ગમતમાં હાર-જીત તો થાય જ છે પણ એ ખેલદિલીપૂર્વક સ્વીકારનાર જ સાચો 'સ્પોર્ટમેન સ્પીરીટ' વાળો ખેલાડી છે, શાળામાંથી આની તાલીમ મળે તો જ જીવનના રણમેદાનમાં માનવીનો સ્વભાવ હારજીત 'હસીને' સ્વીકારે એવું ઘડતર થાય. બાકી પ્રજાઓ, રાષ્ટ્ર વચ્ચે વૈમનસ્ય હોય છતાં 'રમતવીર' ને કોઇ બંધન-મર્યાદા નડતાં નથી.

૨૦૧૨ની ઓલંપીકની આ ઘટના છે. (જો કે હવે તો કુસ્તીની રમતને જ વિશ્વમાં 'ચિત' કરી પટકી દેવામાં આવી છે.)

અમેરિકા અને ઇરાક વચ્ચે પણ આપણી જેમ ભારત-પાકિસ્તાન જેવું કટ્ટર વાતાવરણ, ક્રિકેટની મેચ હોય તો પણ મીડિયા 'લડાઇ' જેવી જ ઉપમા આપતા હોય છે.

૨૦૧૨ના ઓલંપીકમાં ફાઇનલમાં અમેરિકા અને ઇરાક જ સામસામે ભટકાયાં - લંડનમાં આ વિશાળ આયોજન હતું. બંને ટીમમાં તો ઉત્તેજના હતી જ. લંડનમાં પણ ઠેરઠેર 'સુરક્ષા' કડક કરવામાં આવી જાણે 'બ્લાસ્ટ' માટેનું એલર્ટ! બધાને મનમાં ભય-શંકા હતાં કે કોઇ પણ જીતશે.. કંઇક તો થશે જ!

**..અને અમેરિકન ખેલાડી જિત્યો. ઇરાની કુસ્તીબાજે હાથ મિલાવ્યા એટલું જ નહીં ભેટીને અભિનંદન આપ્યા અને પંદર મિનિટ સુધી આ સુભગ સ્નેહના પ્રયાગની ફોટોગ્રાફી થઇ. વિશ્વ આખામાં 'ખેલદિલી' અને આ પવિત્ર વાતાવરણની ખૂબ જ પ્રશંસા થઇ.**

# કલ્પનની મુગ્ધ રજૂઆત સાથે તાંત્રીકવિધિઓ અને અંધશ્રધ્ધા તરફ દોરી જતી ઘટનાઓ છતાં અપેક્ષાએ ઉણી ઉતરતી એક સેકન્ડની પ્રેમ કહાની

**નવાં ક્લેવર**
**- નટવર હેડાઉ**

તમને મનમાં કંઈક વિચારો આવે તેને સીધા જ કાગળ પર ઉતારવાનો પ્રયાસ થાય. તેમાં ભાષાનું કૌવત સાહિત્ય પ્રકારની સમજ, રજૂઆત માટેની સજ્જતા કે સંવાદોને આલેખવા માટેની શક્તિ સમજ વગર માત્રને માત્ર મુગ્ધતાથી કંઈક લખીને ખુશ થઈ શકાય. પણ તેમાંથી સાહિત્ય કૃતિને નિપજે એવું થાય. વાંચનારને એમ લાગે કે આ શું લખ્યું છે. આમે સાહિત્ય કૃતિ કહેવી કે કેમ? આવું બધું છાપી છપાવી અંતરંગ વર્તુળમાં વાહવાહી મેળવી શકાય પણ ખરેખર સાહિત્ય સર્જન કરવું હોય તો એક ઉંડો અભ્યાસ અને બહોળું વાંચન કંઈક નિઃસ્પન્ન કરવામાં મદદરૂપ થઈ શકે.

આજે મારે વાત કરવી છે એક એવી કહાનીની જેનું શિર્ષક 'પ્રેમની અમાવસ' એવું લેખકે આપ્યું છે. અને નીચે કૌંસમાં એમ પણ લખે છે કે, એક સેકન્ડની આ પ્રેમકહાની છે તે પાછી ૧૬૩ પાનામાં આલેખી છે. અકસ્માત, સરપ્રાઈઝ આપવાની ઘેલછા, ઢંગઘડા વગરના સંવાદો, રજૂઆતમાં જ્યાં વાત મુકતા ન ફાવી ત્યાં આખોને આખા વાક્યો કૌંસમાં મુકીને વાચકને સમજાવવાનો લેખકનો પ્રયાસ, એક સેકન્ડમાં મુકી દેવાનું મન થાય તેવી નબળી કૃતિને સુંદર છપાઈ અને આકર્ષક મુખપૃષ્ઠ તો મળ્યું છે. પણ તેમાં કોઈ હીર શોધ્યાનો પ્રયાસ કરે તો કંઈ હાથ બાગે તેવું નથી.

'પ્રેમની અમાવસ' નામની આ કૃતિ કુલ-૧૧ પ્રકરણોમાં વહેંચાયેલી છે. પ્રેમની વાત ઉપર છેલ્લી અને માત્ર શાબ્દિક ઉભરા જેવી લાગે છે. સુનેનાના જન્મ દિવસથી શરૂ થતી કથામાં વિજય નાયક છે. પ્રેમી છે અને ડ્રાઈવર પણ છે. લેખક ખુદ લખે છે કે, બીજાના જન્મના ત્રણ દિવસ બાદ તેની માતાનું મૃત્યું થયું હતું. તેના પિતા દારૂની લતે ચડી ગયા હતા. વિયજની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે એ અભ્યાસ કરી શક્યો ન હતો. પંદર વર્ષની ઉંમરે નકલી ચલણી નોટોનો વ્યાપાર કરવા લાગ્યો. વાર્તામાં ખૂન, હત્યા, ભૂતપ્રેતની વાતો અને તાંત્રીય ગુરૂઓની વિધિઓ આ બધું વર્ણવીને લેખકે કંઈક વાર્તારસ નિષ્પન્ન કરવાનો પ્રયાસ કર્યો છે. પણ સમજની અભાવ અને ઘટનાઓની નબળી રજૂઆતની કારણે આલેખવામાં આવેલી વાર્તા વાચકનાં મન પર વિપરીત અસર પાડવાની સંભાવના રહેલી છે. આજના જમાનાની કહેવતો આધુનિક યુવાન તેની વિચારસરણી કેવી હોવી જોઈએ. લેખત આ વાર્તા દ્વારા શું આપવા માંગે છે તે જ સમજાતું નથી. આધુનિક જમાનાની વાતની સાથે તાંત્રીય વિધિઓ અને અંધશ્રદ્ધા ફેલાવનારી ઘટનાઓ વાર્તાને કોઈ રીતે નવું બળ પૂરું પાડતી નથી. ત્યારે એ માત્રને માત્ર ઘટનાની સીધું વર્ણન બની રહે છે. કોઈ સાહિત્યકૃતિનું સર્જન એમાંથી થતું હોય તેવું વાચકને લાગે એમ નથી.




'પ્રેમની અમાવસ'એ મારી પ્રથમ કૃતિ છે તેમ લેખક પ્રસ્તવાનામાં કબૂલાત કરી છે. એ ન કરી હોત તો પણ વાચકને ખબર પડી જાય એટલી નબળી કૃતિ આ છે જ. સાહિત્ય પ્રત્યેની રૂચી હોવી તે સારી બાબત છે પણ લખતાં પહેલાં બહોળું વાંચન અને સજ્જતા કેળવવામાં ન આવે તો કેવું પરિણામ આવે તે પણ આપણી નજર સમક્ષ આ કૃતિ દ્વારા રજૂ થયું છે.

આ કૃતિમાં ભાષા શુદ્ધિ માટે લેખકે નિવૃત્ત ભાષા નિયામકશ્રી કે.બી. વ્યાસની મદદ લીધી છે. તેથી ભાષા શુદ્ધિની દૃષ્ટિએ ભલે બરાબર લાગતી હોય પણ તેમાં સાહિત્ય તત્વનો અભાવ ઉડીને આંખે વળગે એવો છે. વસ્તુ યા વકતવ્યની અપેક્ષાએ સર્જકની કથન શક્તિ કંઈક ઉણી ઉતરતી જણાય છે. વસ્તુનું વિસ્મય જરૂર સ્પર્શે તેવું છે પરંતુ કથન શૈલીની મર્યાદા રસક્ષતિ જન્માવે છે. કથા વિશ્લેષણ-તારણ આપ્યા કરે છે જે બિન જરૂરી જ નહીં બલ્કે સર્જક ભાવકની સજ્જતામાં શંકા હોય તેવું લાગ્યા કરે છે. વળી આ પ્રકારનું નિરૂપણ રસાનુભૂતિમાં અવરોધ ઉભો કરે છે. કથકના વિશ્લેષણાત્મક વાક્યો ખટકે છે. જે કથામાં ન હોવાં ઘટે. વર્તન ક્રિયા દ્વારા જે સુચવાય તે વધારે યોગ્ય ઉચિત અને કલાત્મક લાગે. કયારેક વર્તન દ્વારા સુચવાયા પછી પણ કથકના આવા સમજૂતીવાળા બયાનની જરૂર ખરી?

જોકે કૃતિનું વસ્તુ નાવિન્ય ગમે તેવું છે. પરંતુ એથી જ સર્જક માટે મોટો પડકાર બની રહે છે. જે નિરૂપણમાં ભાષા કર્મની રીતે અને કથાનકમાં ઔચિત્યની દૃષ્ટિએ કેટલાક પ્રશ્નો ખડા કરે છે. વાર્તા વિશે સીધું સપાટ નિવેદન કરતાં લેખકે કિશોર ગૌડ દ્વારા લખાયેલી વાત પરથી પણ વાચકને કૃતિની ગુણ વિશે સમજ પડી જાય તેમ છે. તેમણે લખ્યું છે કે, 'પ્રેમ કરવા માટે પૈસા અને રૂપ અગત્યનું નથી. કુદરતી રીતે ઘણીવાર આકસ્મિક રીતે ગરીબ અને પૈસાદારના ભેદ ભુલાવી પ્રેમ થઈ જતો હોય છે. પ્રેમ મેળવવા ઈચ્છતા હોવા છતાં પ્રેમ નથી મળતો ત્યારે આ દુનિયા અને કાલ્પનિક દુનિયાને જોડવાનો પ્રયાસ આ કૃતિમાં કરવામાં આવ્યો છે. વાસ્તવિક દુનિયા અને સ્વર્ગ - નર્ક તથા તાંત્રિકોની દુનિયાને સાંકળવાનો નિષ્ફળ પ્રયાસ કરી કાલ્પનિક કૃતિ રચી લેખકનું રસ નિષ્પન્ન કરવા ગયા છે પણ તેમાં સફળતા હાથ લાગી હોય તેવું લાગતું નથી.'

'પ્રેમની અમાવસ' રાહુલસિંહ ચૌહાણ દ્વારા લખાયેલ પુસ્તક છે. સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કાનપુરા ગામે જન્મેલા રાહુલસિંહ ગાંધીનગરને પોતાની કર્મભૂમિ બનાવી છે. મહેસાણા જિલ્લામાં આવેલા ગણપત યુનિવર્સિટી ખેરવામાંથી બાયોમેડીકલ અને ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્જિયનિયરિંગની ડિગ્રી મેળવનાર લેખક હાલ ગાંધીનગરની ગર્વમેન્ટ એન્જિનિયરિંગ કોલેજમાં માસ્ટર ડિગ્રી મેળવવા અભ્યાસરત છે. ત્યારે સાહિત્યના ક્ષેત્રમાં ઝંપલાવીને તેમણે કુવામાં ભુસકો મારવા જેવું સાહસ કર્યું હોય તેમ લાગે છે. વાંચન, મનન અને સજ્જતા કેળવી આ ક્ષેત્રે આગળ વધવા પ્રયત્ન કરશે તો તેમને સફળતા મળશે. તેવી આશા અપેક્ષા જરૂરથી રાખી શકાય.

**પ્રેમની અમાવસ (એક સેકન્ડની પ્રેમ કહાની)**
**લેખકઃ રાહુલસિંહ ચૌહાણ**
**પ્રકાશક : ગંગાબા પ્રકાશન, ૨૧૯૦/૧,**
**જૂની મસ્જિદ પાછળ, ભદ્ર, અમદાવાદ- ૩૮૦૦૦૧**
**કિંમત : રૂા. ૧૫૦/-, આવૃત્તિ : પ્રથમ જાન્યુઆરી ૨૦૧૩**

# કચ્છત્વના પ્રતીકપુરૂષ : કીર્તિ ખત્રી

## હું રસ્તે રઝળતી વારતા

**- અચના પટેલ**

**'ગાંધીનગર સમાચાર' જેમ ગાંધીનગર શહેર અને જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતું 'ડિસ્ટ્રિકટ ન્યૂઝ પેપર' છે તેમ 'કચ્છમિત્ર'એ જન્મભૂમિ ગૃપનું કચ્છ પંથકનું મુખપત્ર છે.**

**કચ્છ એક જિલ્લો જ નથી, એની પાછળ હજારો વર્ષ જૂનો ઊછલપાથલ ભર્યો ઈતિહાસ અને ભવ્ય ભૂગોળ પડેલી છે.**

**કચ્છની અસ્મિતા માટે 'કચ્છીયત' જેવો શબ્દ પ્રયોજાતો રહ્યો છે. આ કચ્છીયત કે કચ્છત્વના જીવતા જાગતા અક્ષર-પુરુષ એટલે 'કચ્છમિત્ર'ના તંત્રી કીર્તિ ખત્રી**

**શ્રી કીર્તિ ખત્રી સાથેનાં આપણાં લાડીલા લેખક ડો. કેશુભાઈ દેસાઈનાં સંસ્મરણ, એમની જ ભાષામાં, ગાંધીનગર સમાચારના વાચકો માટે પ્રસ્તુત કરતાં રોમાંચ અનુભવું છું.**

**- અચના કમલેશ**

કચ્છ વિશેની અંગત વ્યાખ્યા કરવાની હોય તો મારું કચ્છ એટલે જેસલ-તોરલ અને હાજીપીર જેટલા જ શ્રદ્ધેય અક્ષરપુરુષ જયંત ખત્રી- એટલામાં જ બધું આવી જાય. અન્ય કોઈ ગુજરાતી સર્જક કરતાં જયંત ખત્રી મને વધુ પોતીકા કેમ લાગે છે? કદાચ એટલા માટે કે મારી જેમ એ પણ ડૉકટર હતા અને મારી જેમ એ પણ જાહેરજીવન સાથે સંકળાયેલા હતા. હું તો કોઈ ચૂંટણી નથી લડ્યો જ્યારે એ તો માંડવીની નગરપાલિકાના પ્રમુખ પણ બન્યા હતા. એમને નજરે નથી જોયા છતાં કોણ જાણે કેમ, એમની સાથે દૂર રહ્યાં રહ્યાં પણ હું ગજબનું તાદાત્મ્ય અનુભવતો રહ્યો છું. એમની વાર્તા 'લોહીનું ટીપું' મેં નવમા ધોરણમાં ભણતો ત્યારે મારા ગામની લાઈબ્રેરીમાંથી આણેલી 'ગુજરાતી ભાષાની પ્રતિનિધિ વાર્તાઓ' કે એવા જ શીર્ષકવાળી કોઈ ચોપડીમાં વાંચી હતી. હું એ વાર્તા વાંચીને ઓળઘોળ થઈ ગયો હતો. હજી આટલાં વર્ષો પછી પણએમની વાર્તા નાયિકા હલીમા મારી આંખો સામે તરવરે છે. વાર્તાકાર તરીકે ગુજરાતી વાર્તાને એક નવી ઊંચાઈએ પહોંચાડનારા ડૉ. જયંત ખત્રીને સદેહે તો ન મળી શક્યો પરંતુ એમના 'લોહીનું ટીપું'- એવા કીર્તિ ખત્રીને જયારે પણ મળવાનું થયું છે ત્યારે જાણે મારા પૂર્વસૂરી તબીબ વાર્તાકાર સાથે સંવાદ ન સધાતો હોય, એવો મીઠો રોમાંચ અનુભવતો રહ્યો છું.

કીર્તિ ખત્રીને પહેલવહેલા અમદાવાદની મિરઝાપુર ખાતે આવેલી 'જનસત્તા'ની ઑફિસે જોયેલા. ઈશ્વર પંચોલી અને નરેન્દ્ર ત્રિવેદી સાથે ઘરોબો થઈ ગયો હોઈ સહાયક તંત્રીની જવાબદારી સંભાળતા પત્રકારો સાથે લાંબી ચર્ચાની જરૂર નહોતી પડતી. પરંતુ મારી 'ઘમ્મરવલોણું' કટાર કીર્તિભાઈને પણ ગમતી હતી અને પ્રકાશ ન. શાહ પણ એના રસિયા હતા. કીર્તિભાઈને અમદાવાદમાં તો અલપ ઝલપ જ મળ્યો છું. પરંતુ પછીથી થયું છે ત્યારે એમના આતિથ્યમાં રસાયેલી ઉષ્માથી અભિભૂત થયો છું. 'કચ્છમિત્ર'માં એમણે બહુ પ્રેમપૂર્વક 'કચ્છડો બારે માસ' શીર્ષક હેઠળ મારી લેખમાળા પ્રકાશિત કરેલી, તે કેમ ભુલાય? આમ જુઓ તો કચ્છ મારા ઉત્તર ગુજરાતના વતનના ગામની સીધમાં આવેલો પ્રદેશ. નાકની દાંડીએ આથમણી દિશા પકડીને ચાલ્યા કરીએ તો કચ્છનું રણ જ આવે. પરંતુ વાહનવ્યવહારની રૂ એ કચ્છનો પ્રવાસ ખાસ્સો લાંબો પડે છે. કચ્છ મારે મન એક વિસ્મયભરી ઘટના રહ્યા કરી છે. ગુજરાતના અન્ય વિસ્તારો કરતાં એ ઘણી બાબતોમાં જુદું પડે છે. એટલે કચ્છી માડુ પણ બીજા સામાન્ય ગુજરાતીઓથી કંઈક વિશેષ જ હોય, એવી એક પૂર્વધારણા સાથે હું કચ્છથી હિજરત કરી સાબરકાંઠામાં 'કંપા' બનાવી ઠરીઠામ થઈ ગયેલા કચ્છી પાટીદારોથી લઈ વીનેશ અંતાણી અને ધીરેન્દ્ર મહેતા કે માવજી મહેશ્વરી જેવા સમકાલીન સર્જકોને અને કીર્તિભાઈ જેવા વરિષ્ઠ પત્રકાર(જો કે એમને ફકત પત્રકાર કહી કોઈ એક ખાનામાં ખતવી શકાય એમ નથી) કે સ્વ. કુન્દનલાલ ધોળકિયા જેવા નમૂના રૂપ-'મોડેલ' જનનાયકને મૂલવતો રહ્યો છું. મનુભાઈ પાંધી અને વનુભાઈ પાંધીને મેં મોહંમદ માંકડ સાથે માંડવી ખાતે યોજાયેલ 'સંસ્મૃતિ' સમારોહમાં ભાગ લેવા ગયો ત્યારે જોયેલા. તે વખતે પણ કીર્તિ ખત્રી તો ત્યાં હશે, પણ સાહિત્યકારોને મળવાની ધૂનમાં એમને નહોતું મળી શકાયું. 'સંસ્મૃતિ'ની સ્મૃતિ લેખે અતિથિ સાહિત્યકારોને ઓઢાડવામાં આવેલી શાલ હમણાં લગી ચાલી! મનુભાઈ પાંધીને ચાલુ કાર્યક્રમે છાતીમાં દુખાવો ઉપડ્યો હતો અને તેઓ થોડા સમય પૂરતા મૂર્ચ્છિત થઈ ગયા હતા. ત્યારે તો હું દાકતરી પણ કરતો હતો. પ્રાથમિક ઉપચાર અને સલાહ સૂચન આપેલા તે યાદ છે. મનુભાઈ પાંધીએ એ સંદર્ભે ટાંકી ઉમેળકા ભર્યા પત્ર પાઠવેલો. મેં તેના અનુસંધાને 'નિરીક્ષક'માં એવો જ ઉમળકાભર્યો લેખ લખેલોઃ 'હેતના ફિણોટા' જેમ જયંત ખત્રી અને મનુભાઈ પાંધી એકમેકના પૂરક હતા તેમ એમના વારસદારો- કીર્તિભાઈ અને મનુભાઈ પાંધી એકમેકના પૂરક હતા તેમ 'સહવીર્ય કરવા વહૈ' ની ભાવના સાથે કામ કરતા રહ્યાં છે. મહિમ પાંધીને હું 'કચ્છ મિત્ર'ના કાર્યાલયમાં જ મળેલો.

'કચ્છમિત્ર' સાથે એક વાર્તાકાર તરીકે મારે ભારે લેણું રહ્યું છે. કચ્છી બેસતું વર્ષ હોય કે દીપોત્સવીઃ 'કચ્છમિત્ર'નું કહેણ આવે જ આવે. ફોન રામભાઈ કરતા હોય પણ સૂચન કીર્તિભીનું જ હોય. વચ્ચે કેટલોક વખત ઈંદ્રપ્રસ્થના સ્થાપક સ્વ. સોહબસિંહ વર્માના આગ્રહને વશ થઈ હું કચ્છના જનશિક્ષણ સંસ્થાનના ઉપાધ્યક્ષની જવાબદારી સંભાળતો હતો ત્યારે દર વખતે કાર્યવાહક સમિતિની બેઠક પછી મારો એક મુદાનો કાર્યક્રમ કીર્તિભાઈને મળવાનો રહેતો. ઈન્દ્રપ્રસ્થ (નવી દુધઈ)થી ભૂજ ખાસ્સું ૫૫ કિ.મી. છેટું, છતાં હું અચૂક પહોંચી જતો. બલકે જનશિક્ષણ સંસ્થાનની કામગીરી તો કચ્છપ્રવાસ માટેનું નિમિત્ત જ બની રહેતી.

મને લખપત નવલકથા લખવાની લાલચ હતી- વેણ ઊપડી હતી એમ કહું તોય ચાલે. એક આખેઆખું ધમધમતું બંદર-નગર દેશના વિભાજનનો ભોગ બની ગયું! કેવી કરુણાંતિકા! કીર્તિભી સાથે મેં આ મુદ્દે અલપઝલપ ચર્ચા કરી છે, પણ એને કથા સ્વરૂપ કંડારવા માટે તો મારે મહિનો માસ ધામા જ નાખવા 'લખપત પર કામ કરવાનું વિચારું છું...' હજી વાકય પૂરું કરું એ પહેલાં તો એમણે મારા મનની વાત પકડી લીધાઃ 'જબરદસ્ત થીમ છે. તમારી પાસે તો નવલકથાકારની કલમ છે. અદ્‌ભુત નવલકથા બનશે !'

કીર્તિભાઈએ ચાનક તો ચડાવી દીધી, પણ લખપત પર નવલકથા લખવી હોય તો મારે લખપત, દયા પર કે કોટેશ્વરમાં કૅમ્પ કરવો પડે. એ માટે પણ જરૂરી વ્યવસ્થા ગોઠવવાની એમણે બાંહેધરી લીધી. દડો મારી કોર્ટમાં છેઃ અનેક પળોજણો વચ્ચેથી એટલો વખત કાઢી શકાય ત્યારે વાત!

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ધર્મનિરપેક્ષ અને સંતશિરોમણી શ્રી રવિદાસજીના પુનિત ચરણોમાં નત મસ્તકે કોટિ કોટિ પ્રણામ!

## - પ્રાસંગિક
## સંત શિરોમણી રોહિદાસજીની જન્મજયંતિ

**મૂળજીભાઇ પરમાર 'દધિ'**

આજે વિક્રમ સંવત ૨૦૬૯ની મહાસુદ પૂર્ણિમા (માઘી પૂનમ) તા. ૨૫મી ફેબ્રુઆરી - ૨૦૧૩, એટલે કે મેવાડના મહારાણી, કૃષ્ણમયી મીરાંબાઇનાં ગુરૂ, સામાજિક એકાત્મકતાવાદના આગ્રહી તથા સમતા, સ્વતંત્રતા અને બંધુતા જેવા આધુનિક માનવમૂલ્યોના બોધક સંતશિરોમણી શ્રી રોહિતાસજીની ૬૩૭મી જન્મજયંતિનું સલૂણું સુવર્ણપ્રભાત .

સંત રવિદાસનો જન્મ વિક્રમ સંવત ૧૪૩૩ (ઈ.સ. ૧૩૭૬) નાં મહામાસના શુક્લ પક્ષમાં પૂર્ણિમાને રવિવારના રોજ કાશી પાસેનાં 'માંડૂર' ગામ (માંડૂરગઢ) જે અત્યારનું પ્રચલિત નામ 'મંડુઆડિહ' છે ત્યાં થયાનું માનવામાં આવતું હતું, પરંતુ ઈ.સ. ૧૯૬૪માં શ્રી બંતારામ ઘેરાને, સિર ગોરર્ધનપુરમાંથી મળેલ એક પ્રાચીન પાંડુલિપિ અનુસાર જન્મ ઈ.સ. ૧૪૧૪ અને જન્મ સ્થળ ગોવર્ધનપુરને માનવામાં આવે છે. તેમના જન્મ વિષે એક સાખી પ્રચલિત છે, તે મુજબ ઉજવણી થાય છે.

**'ચૌદહ સૌ તૈતીંસ કી માઘ સુદી પંદરાસ, દુખિયોં કે કલ્યાહિત, પ્રગટે રવિદાસ'**

પિતાનું નામ 'માનદાસ' કે 'રહુ' અથવા 'રઘુ' ગણાય છે, જયારે માતાનું નામ 'કરમા દેવી' કે 'ઘુરબિનિયાં' ને સમર્થન મળે છે. પિતા જ્ઞાતિએ ચમાર - પેટા જ્ઞાતિ 'કુટબાંઢલા'. ચામડું કમૌવી, તેમાંથી બૂટ, ચંપ્પલ, પગરખાં બનાવી જીવન ગુજારતા. પિતાના ધાર્મિક સંસ્કારોને લીધે ભક્તિ તરફ વિશેષ લગાવ હતો. પારંપારિક વ્યવસાય તરફ ઓછું લક્ષ અને તૈયાર કરેલ પગરખાંમાંથી સાદુસંતોને ભેટ આપી દેતા. કામ પ્રત્યેની બેદરકારીને કારણે પિતાએ બાળવયે રોહિદાસનાં લગ્ન 'લોના' નામની કન્યા સાથે કરી દીધાં. રોહિદાસ કુશળ કારીગર હતા એટલે પરાધીન નહીં, પરંતુ સ્વતંત્ર અને સ્વાવલંબી હતા. આથી સ્વમહેનતથી જીવવ જીવવા જેટલું કમાઇ લેતાં.

રોહિદાસજી જે યુગમાં જન્મ્યા તે પૂર્વે ભારતમાં 'વૈદિક ધર્મ' પ્રવર્તતો હતો. આ વૈદિક ધર્મ એટલે 'બ્રાહ્મણ ધર્મ' અથવા 'વર્ણાશ્રમ' ધર્મ. વર્ષાશ્રમને કારણે ચાર વર્ષોમાં ૩૦૦૦ કરતાં વધારે જાતિઓ પેદા થઇ અને જાતિગત ભેદભાવો, ઊંચ-નીચની ભાવના અને અસ્પૃશ્યતાનો ઉદ્‌ભવ થયો, પરિણામે સમાજ અને રાષ્ટ્ર વિખંડિત બન્યાં અને દરેક બાબતમાં (હાલમાં પણ) જાતિ એ નિર્ણાયક બળ કે પરિબળ બન્યું. અઢી હજાર વર્ષ પહેલાં તથાગત 'ગૌતમ બુધ્ધ' અને મહાવીર સ્વામીએ વૈદિક ધર્મનો પ્રચંડ વિરોધ કર્યો હતો જે વિરોધની જયોતને સંત કબીર અને સંત રોહિદાસજીએ પ્રજ્જવલિત રાખી હતી.

રોહિદાસજીએ જીવનભર શ્રમ કર્યો હતો અને દેશાટન કર્યું હતુ. તેઓ પરમયોગી, સાત્વિકવૃત્તિના, ઈન્દ્રિયનિગ્રહી ભક્ત હોવાથી રાણી ઝાલી, પિતાજી મહારાજ, સપનાવીર અને દિલ્હીનો સુલ્તાન સિકંદર શાહ લોદી એમનું સન્માન કરતા. સ્ત્રીને પણ શુદ્રની કોટીમાં ગણવામાં આવેલી એટલે શાસ્ત્ર વિરૂધ્ધ કોઇ પણ બ્રાહ્મણ શાસ્ત્રો વિરૂધ્ધ શિષ્યત્વ આપવા તૈયાર ન હોઇ, રોહિદાસજીના સહેજ જ્ઞાનથી પ્રભાવિત થઇ રાજસ્થાનના ચિત્તોડ રાજપરિવારની રાણી મીરાંબાઇ એમની શિષ્યા બની. મેડતાની એક રાજકુમારીએ પણ શિષ્યત્વ રોહિદાસના નામે 'રવિદાસ' અથવા 'રૈદાસીપંથ'નો પ્રારંભ થયો. સમગ્ર દેશમાં એમના શિષ્યો છે અને ઈંગ્લેન્ડમાં રોહિદાસજીનાં દશેક મંદિરો છે અને ફ્રાન્સ અને અમેરિકામાં પણ મંદિરો બન્યાં છે.

સંત રોહિતાદસજીએ જીવનપર્યંત જાતિવ્યવસ્થા નષ્ટ કરવા માટે તનતોડ સંઘર્ષ કર્યો હતો. સંત કબીર અને સંત શિરોમણી રોહિદાસે માણસને માણસ તરીકેનું ગૌરવ મૅળે તે માટે ઉપદેશ આપીને વર્ણાશ્રમ વિરોધી વિચારો વ્યક્ત કર્યા હતા. ગુરૂનાનક, સંત કબીર, ગુરૂ ગોરખનાથ જેવી ખ્યાતિપ્રાપ્ત, નામાંકિત વિભૂતિઓ સાથે એમનો નાતો હતો. તેમનાં સમકાલિન સંતોઓ ખૂબ જ આદર અને પ્રેમથી તેમની કીર્તિને પ્રમાણી છે અને પ્રશંસા કરી છે. ભારતના સંવિધાન દ્વારા લોકતાંત્રિક ભારતનો અડીખમ પાયો નાખનાર ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર તેઓશ્રીનાં ઐતિહાસિક સંશોધન ગ્રંથ, 'ધી અનટચેબલ્સ' સંતશ્રી રોહિદાસજીને અર્પણ કરીને, એમની શ્રેષ્ઠતા અને મહત્તાને મૂલવી છે.

તેઓ સત્યનિષ્ઠ, ધર્મનિષ્ટ અને લોકપ્રિય હોવાથી, મહારાષ્ટ્રના ખ્યાતિપ્રાપ્ત સંત તુકારામે રોહિદાસજીને પોતાના સગા માનતાં એક દોહામાં કહ્યું છે :

**'નિવૃત્તિ જ્ઞાનદેવ, સોપાન ચંગાજી, મેરે જી કે હૈ નામદેવા,**
**નાગાજન મિત્ર, નરહરિ સુનાર, રવિદાસ - કબીર સગે મેરે.'**

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨૫મી ફેબ્રુઆરી**



- ગાંધીવાદી નેતા, ગુજરાતના મૂક સેવક, સત્યાગ્રહી, મહાનત્યાગી રવિશંકર મહારાજની જન્મજયંતિ - ૨૫-૨-૧૮૮૪.
- ૧૮૬૨ - અમેરિકામાં કાગળની ચલણી નોટોની શરૂઆત.
- ૧૯૫૦ - કુવૈતનો રાષ્ટ્રદિન.
- ૧૫૨૭ - ફતેપુર સિક્રી પ્રદેશનું નિરીક્ષણ કરવા નીકલેલા બાબરે દારૂ ન પીવાની પ્રતિજ્ઞા કરીને જીવનભર પાળી.



- ૧૯૦૩ - બંદૂકના નિર્માતા ડો. રિચર્ડ ગૈટલિંગનું ન્યૂયોર્કમાં અવસાન.
- ૧૮૮૬ - વીર કવિ નર્મદાશંકરનું અવસાન.